જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૯/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર ચાદી નં.૧૩૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૩૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૧૩૭૧/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ અમીત કિશોરભાઈ માજીરાણા (ઉ.વ.૩૦)(રહે.કર્ણમુક્તેશ્વર એપાર્ટમેન્ટ, વાણીજ્ય ભવનની બાજુમાં, દિવાન બલ્લુભાઈ સ્કુલ સામે કાંકરીયા) એ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઓગણજ ગોપી ફાર્મની બાજુમાં પ્રમુખ સ્વામિ જન શતાબ્દી મહોત્સવ મેદાન ખાતે આરોપી દર્શન કલ્પેશભાઈ પીઠવા (રહે.રણછોડરાયનગર વિભાગ–૦૨ ચાંદલોડીયા) એ અમીત માજીરાણાને વિદેશ જવા માટે વર્ક વિઝા પરમીટ કરાવી આપવાનુ કહી તેમની પાસેથી કુલ રૂપિયા ૨૦,૪૯,૦૦૦/– મેળવી લઇ વર્ક વિઝા નહી કરાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી અમીત માજીરાણા સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

બાપુનગરઃ કૃષ્ણકાંત દત્તારામ ભોગલે (ઉ.વ.૬૩)(રહે.ન્યુ અરવિંદનગર સોસાયટી, સમજુબા હોસ્પિટલ પાછળ બાપુનગર) એ તા.૨૮/૦૯/૨૦૨૬ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૬ ના રોજ કૃષ્ણકાંત ભોગલે મોબાઈલ ફોનમાં સર્ફિંગ કરતા હતા ત્યારે તેમના મોબાઈલ ફોનમાં “iflix-2026.apk cfg-v5”નામની ફાઈલ ડાઉનલોડ થઈ ગઇ હતી. જે એપ્લીકેશન ડાઉનલોડ થયા બાદ અજાણી વ્યક્તિએ કૃષ્ણકાંત ભોગલે નાઓનો મોબાઈલ ફોન હેક કરી કૃષ્ણકાંત ભોગલેના બેંક ખાતામાંથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૮૯,૯૯૬/– ઓનલાઈન ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.કે.ગઢવી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી